મહિલા વન ડે રેન્કિંગમાં મંધાના ટોચે યથાવત, હરમનપ્રીત સાતમા સ્થાને

દુબઈ, તા. 17 (પીટીઆઇ) : ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર આઇસીસી મહિલા વન ડે રેન્કિંગમાં એક સ્થાન ઉપર આવીને સાતમા સ્થાને પહોંચી ગઈ છે, જ્યારે વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાના ટોચના સ્થાને યથાવત છે. જેમીમાહ રોડ્રિગ્સ 12મા સ્થાને યથાવત રહી છે

ન્યૂઝીલેન્ડની અનુભવી ખેલાડી સોફી ડિવાઇન બે સ્થાન નીચે સરકીને નવમા સ્થાને પહોંચી ગઈ છે. જ્યારે એમેલિયા કેર કેરિયર બેસ્ટ 694 પોઇન્ટ મેળવીને આઠમા ક્રમે યથાવત રહી છે.

ઝિમ્બાબ્વે સામે આઇસીસી મહિલા ચેમ્પિયનશિપ સીરિઝની અંતિમ મેચમાં 94 રનની શાનદાર ઇનિંગ રમ્યા બાદ ન્યુઝીલેન્ડની બેટર મેડી ગ્રીને રેન્કિંગમાં 610 રેટિંગ પોઇન્ટ સાથે પાંચ સ્થાન ઉપર 17મા સ્થાને પહોંચી ગઇ છે, જે તેની કેરિયર બેસ્ટ રેન્કિંગ છે.

2024માં અનુભવ કારગર રહ્યો તો 2026માં 'ગરમ લોહી'એ કામ કર્યું : સૂર્યકુમાર

સૂર્યકુમારના મતે 2024ની ટીમમાં અનુભવની સાથે જુસ્સો હતો અને 2026ની ટીમમાં અનુભવ ઓછો પણ ઉત્સાહ વધુ હતો

સૂર્યકુમાર યાદવે ચેમ્પિયન બનેલી બંને ટીમ વચ્ચે માત્ર 19-20નો તફાવત હોવાની વાત કરી

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) : ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવે બે ટી-20 વર્લ્ડકપ ચેમ્પિયન ટીમની તુલના કરતા કહ્યું કે 2024ની ટીમમાં લાંબા આઇસીસી ટ્રોફી દુષ્કાળનો અંત લાવવા માટે અનુભવી લાગણી હતી, જ્યારે આ વર્ષની ટાઇટલ-ડિફેન્ડિંગ ટીમમાં યુવાનોનો ઉગ્ર જુસ્સો હતો.

સૂર્યકુમારે પીટીઆઈ સાથેના એક વિગતવાર પોડકાસ્ટ ઇન્ટરવ્યુમાં, બે ટ્રોફી વિજેતા ટીમો વચ્ચેના નાના તફાવત વિશે વાત કરી. તે 2024માં રોહિત શર્માની કેપ્ટનશીપ હેઠળ રમ્યો હતો, જેમાં વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજા જેવા અનુભવી ખેલાડીઓ પણ સામેલ હતા. બાર્બાડોસમાં વિજય બાદ, આ ત્રણ અનુભવી ખેલાડીઓએ રમતના સૌથી ટૂંકા ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી. ત્યારબાદ ટીમનું નેતૃત્વ સૂર્યકુમારે કર્યું, જે ભારતની ટી-20 રમતને આગલા સ્તર પર લઈ ગયો. બંને ટીમોની સરખામણી કરતા સૂર્યકુમારે કહ્યું, બંને ટીમો વચ્ચે ફક્ત ઓગણીસ-વીસનો તફાવત હતો. તે અનુભવનો ઉત્સાહ હતો, જ્યારે અહીં છોકરાઓ એકદમ ઉત્સાહી હતા.

જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું 2026ની ટીમ 2024ની ટીમ કરતા થોડી સારી હતી, ત્યારે સૂર્યકુમારે કહ્યું કે 2024માં અમને ઘણો અનુભવ હતો. ત્યારે ટીમ પાસે અનુભવ હતો અને ઘણા સારા ખેલાડીઓ હતા. અમારી પાસે હજુ પણ સારા ખેલાડીઓ છે, પરંતુ તે સમયે અમારી ટીમ પાસે ઘણો અનુભવ હતો અને દરેક ખેલાડી પોતાની ભૂમિકા માટે સંપૂર્ણપણે તૈયાર હતો.

તેણે કહ્યું કે જ્યાં સુધી આ વર્ષની વાત છે, હું કહી શકું છું કે અમારી પાસે અનુભવ ઓછો હતો પણ ઉત્સાહ વધુ હતો. મોટાભાગના ખેલાડીઓ 25 થી 27 વર્ષની વચ્ચેના છે. તેમને સમજાવવું મહત્વપૂર્ણ હતું કે ભારતમાં વર્લ્ડકપ જીતવાનો અનુભવ કેવો હોય છે, ખાસ કરીને જ્યારે સ્ટેડિયમમાં 50,000, 100,000 લોકો તમારો ઉત્સાહ વ્યક્ત કરી રહ્યા હોય.

પત્ની દેવીશાના એક સરળ પ્રશ્ને સૂર્યકુમારની કેરિયર બદલી નાખી

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઇ) : સૂર્યકુમાર યાદવની પત્નીના એક સરળ પ્રશ્ને તેને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવવા માટે સખત મહેનત કરવાની પ્રેરણા આપી અને હવે વર્લ્ડકપ વિજેતા કેપ્ટન બન્યો. પીટીઆઈ વિડીયો સાથેના પોડકાસ્ટ ઇન્ટરવ્યુ દરમિયાનની તે વાતચીતને યાદ કરતાં, સૂર્યકુમારે કહ્યું, 2016માં જ્યારે હું કેકેઆર માટે રમતો હતો ત્યારે અમારા લગ્ન થયા. બધું ખૂબ જ સરળતાથી ચાલી રહ્યું હતું. હું સારું રમી રહ્યો હતો, રમતનો આનંદ માણી રહ્યો હતો. જ્યારે હું 2018 માં મુંબઈ ઇન્ડિયન્સમાં જોડાયો, ત્યારે તેણે મારી સફર અને દિનચર્યાને અનુસરી. તેણે મને કહ્યું કે તમારા વય જૂથમાં રમનારા બધા ખેલાડીઓ હવે ભારત માટે રમી રહ્યા છે. તમારા મનમાં શું છે? મેં કહ્યું, હું પણ ભારત માટે રમવા માંગુ છું. તેણે પૂછ્યું, તમે કેવી રીતે રમશો? તે એક ટૂંકી વાતચીત હતી. પરંતુ તે ચોક્કસપણે તમારા લક્ષ્ય તરફ કેવી રીતે એક પગલું આગળ વધી શકાય તે અંગે ચર્ચા હતી.

ઘૂંટણની ઈજાને કારણે હર્ષિત રાણા મોટાભાગની IPL મેચોમાંથી બહાર

ઘણાં ખેલાડીઓ ફિટનેસ સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોવાથી કેકેઆર માટે રાણાની ગેરહાજરી મોટો ફટકો

કોલકાતા, તા. 17 (પીટીઆઇ) : કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)નો ઝડપી બોલર હર્ષિત રાણા ગયા મહિને ઘૂંટણની સર્જરીમાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને તે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) ની મોટાભાગની મેચોમાંથી બહાર રહી શકે છે.

એક અહેવાલ મુજબ, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ હજુ સુધી તેની વાપસી માટે કોઈ સમયમર્યાદા નક્કી કરી નથી. રાણાને દક્ષિણ આફ્રિકા સામેની ટી-20 વર્લ્ડકપ પ્રેક્ટિસ મેચ દરમિયાન ઈજા થઈ હતી. તે હાલમાં રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યો છે.

તે પ્રેક્ટિસ મેચમાં એક ઓવર ફેંક્યા બાદ રાણાને ઈજા થઈ હતી. તેને સર્જરી કરાવવી પડી હતી, જેના કારણે તે ટી-20 વર્લ્ડકપમાં રમી શક્યો ન હતો. તેના સ્થાને મોહમ્મદ સિરાજને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો, જેણે ટુર્નામેન્ટમાં ફક્ત એક જ મેચ રમી હતી. રવિવારે બીસીસીઆઈ નમન એવોર્ડ સમારોહમાં રાણાને શ્રેષ્ઠ ઉભરતા આંતરરાષ્ટ્રીય ખેલાડીનો એવોર્ડ મળ્યો હતો. રાણાની ગેરહાજરી ત્રણ વખતના આઈપીએલ ચેમ્પિયન કેકેઆર માટે મોટો ફટકો હશે, જે પહેલાથી જ ઘણા ખેલાડીઓની ફિટનેસ સમસ્યાઓનો સામનો કરી રહી છે. શ્રીલંકાના ફાસ્ટ બોલર મથિશા પથિરાના ટી-20 વર્લ્ડકપ દરમિયાન થયેલી કાંડાની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો હોવાથી તે પણ આઇપીએલની શરૂઆતની મેચોમાં ભાગ લેવા અંગે શંકાસ્પદ છે.

ઓસ્ટ્રેલિયામાં આશ્રય લેનારી ઈરાની મહિલા ફૂટબોલરોએ તાલીમ શરૂ કરી

બ્રિસ્બેન રોરે સોમવારે ઇન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટા પોસ્ટ કરી બંને ઇરાની ખેલાડીને ક્લબની જર્સીમાં દર્શાવી

બ્રિસ્બેન, તા. 17 (એપી) : ઓસ્ટ્રેલિયામાં આશ્રય મેળવનાર બે ઈરાની મહિલા ફૂટબોલ ખેલાડીઓએ બ્રિસ્બેનમાં એક વ્યાવસાયિક ક્લબ સાથે તાલીમ શરૂ કરી છે. ઓસ્ટ્રેલિયામાં આશ્રય માંગ્યા પછી આ પહેલી વાર છે જ્યારે તે જાહેરમાં દેખાઈ છે.

ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત એ-લીગ મહિલા સ્થાનિક સ્પર્ધામાં રમી રહેલી ટીમ બ્રિસ્બેન રોરે સોમવારે ઇન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટા પોસ્ટ કર્યા જેમાં ઈરાની ખેલાડી ફાતેમેહ પાસંદિહે અને આતેફેહ રમેઝાનીસાદેહ ક્લબની મહિલા ટીમ સાથે, ક્લબની જર્સી પહેરેલી અને હસતી દેખાય છે. આ તસવીર એવા સમયે સામે આવી છે જ્યારે ઈરાની ટીમના બાકીના સભ્યો મલેશિયાથી ઓમાન જવા રવાના થયા છે. ઓસ્ટ્રેલિયાએ મહિલા એશિયન કપમાં ભાગ લેતી ઈરાની ફૂટબોલ ટીમના તમામ સભ્યોને માનવતાવાદી વિઝા ઓફર કર્યા હતા. શરૂઆતમાં સાત મહિલાઓએ આશ્રયની ઓફર સ્વીકારી હતી, પરંતુ પછીથી પાંચ મહિલાઓએ પોતાનો વિચાર બદલી નાખ્યો. બ્રિસ્બેન રોરે ઇન્સ્ટાગ્રામ પર ફાતિમેહ અને આતેફેહનું સ્વાગત કરતો સિંહણનો ઇમોજી પોસ્ટ કર્યો. બ્રિસ્બેન રોરના સીઈઓ કાઝ પટાફ્ટાએ લખ્યું કે અમે તેમને એક ઉત્તમ વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છીએ જેથી તેઓ તેમની રમતને આગલા સ્તર પર લઈ જઈ શકે.

ન્યૂઝીલેન્ડે બીજી ટી-20 જીતી દક્ષિણ આફ્રિકા સામે સીરિઝ બરાબરી પર મૂકી

\S કોનવેની અર્ધસદીની મદદથી ન્યૂઝીલેન્ડે છ વિકેટે 175 રન બનાવ્યા

સીઅર્સ-ફર્ગ્યુસને મળીને દક્ષિણ આફ્રિકાનો 107 રનમાં વિંટો વાળ્યો

દક્ષિણ આફ્રિકાના તમામ બેટ્સમેનો કેચ આઉટ થયા

હેમિલ્ટન, તા. 17 (એપી) : ઓપનર ડેવોન કોનવેની 60 રનની આકર્ષક ઈનિંગ અને ઝડપી બોલર બેન સીઅર્સ તેમજ લોકી ફર્ગ્યુસનની ત્રણ-ત્રણ વિકેટને કારણે ન્યુઝીલેન્ડે મંગળવારે અહીં બીજી ટી20 ઈન્ટરનેશનલ મેચમાં દક્ષિણ આફ્રિકાને 68 રનથી હરાવીને પાંચ મેચની સીરિઝ 1-1ની બરાબરી પર મૂકી હતી. કોનવેની 49 બોલની ઈનિંગમાં પાંચ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થતો હતો. અન્ય બેટ્સમેનોએ પણ ઉપયોગી યોગદાન આપ્યું, જેમાં જોશ ક્લાર્કસન નોટઆઉટ ૨૬ રન સાથે બીજા ક્રમનો સૌથી વધુ સ્કોરર રહ્યા. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે છ વિકેટે 175 રન બનાવ્યા. જવાબમાં, દક્ષિણ આફ્રિકા 15.3 ઓવરમાં 107 રનમાં ઓલઆઉટ થઈ ગયું. તેમના બેટ્સમેનોને પિચની ગતિ અને ઉછાળા સાથે અનુકૂલન સાધવામાં મુશ્કેલી પડી અને તેમના બધા બેટ્સમેન કેચ આઉટ થયા.

દક્ષિણ આફ્રિકાએ છેલ્લી છ વિકેટો 40 રનમાં ગુમાવી દીધી હતી. જ્યોર્જ લિન્ડેની 12 બોલમાં 33 રનની ઈનિંગના કારણે જ તેઓ 100 રનનો આંકડો પાર કરી શક્યા. ન્યુઝીલેન્ડના સીઅર્સે 14 રન આપીને ત્રણ જ્યારે ફર્ગ્યુસને 16 રન આપીને ત્રણ વિકેટ લીધી હતી. શુક્રવારે ઓકલેન્ડમાં ત્રીજી ટી-20 રમાશે.

ઈરાન વર્લ્ડકપ મેચો અમેરિકાથી ખસેડવા માટે FIFAના સંપર્કમાં

મેક્સિકોમાં ઈરાની દૂતાવાસ દ્વારા કરાયેલી જાહેરાત અંગે હાલ ફિફાએ કોઇ ટીપ્પણી નથી કરી

વર્લ્ડકપ શરૂ થવાના ત્રણ મહિના પહેલાં મેચના સ્થળ બદલવા એ એક અભૂતપૂર્વ પગલું હશે

મેક્સિકો સિટી, તા. 17 (એપી) : મેક્સિકોમાં ઈરાનના દૂતાવાસે મંગળવારે જણાવ્યું હતું કે ઈરાન તેની વર્લ્ડકપ મેચોને અમેરિકાથી મેક્સિકો ખસેડવા માટે ફિફા સાથે વાતચીત કરી રહ્યું છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે સહ-યજમાન યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સુરક્ષા ચિંતાઓનો હવાલો આપીને ઈરાનને ટૂર્નામેન્ટમાં ભાગ લેવા બાબતે હતોત્સાહ કર્યું હતું. આવી કોઈ ઔપચારિક વાતચીત ચાલી રહી છે કે કેમ તે અંગે ફિફાએ તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી.

ઈરાની અધિકારીઓએ અગાઉ કહ્યું હતું કે વર્લ્ડકપ દરમિયાન ટીમની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી ફિફા અને અમેરિકાની છે. દૂતાવાસે ઈરાન ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ મેહદી તાજને ટાંકીને એક નિવેદન જારી કરીને કહ્યું કે ખેલાડીઓ અને અધિકારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઈરાન તેની ગ્રુપ સ્ટેજ મેચ મેક્સિકોમાં યોજવા માંગે છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું છે કે તેઓ ઈરાની રાષ્ટ્રીય ટીમની સુરક્ષા સુનિશ્ચિત કરી શકતા નથી, તેથી અમે ચોક્કસપણે અમેરિકાની મુસાફરી કરીશું નહીં. અમે હાલમાં ફિફા સાથે ઈરાનની વર્લ્ડકપ મેચ મેક્સિકોમાં યોજવા માટે વાતચીત કરી રહ્યા છીએ. આ વર્લ્ડકપનું આયોજન અમેરિકા, કેનેડા અને મેક્સિકો સંયુક્ત રીતે કરી રહ્યા છે. ઈરાન 16 જૂને ન્યુઝીલેન્ડ અને 21 જૂને બેલ્જિયમ સામે કેલિફોર્નિયાના ઈંગલવુડમાં રમવાનું છે, ત્યારબાદ 26 જૂને સિએટલમાં ઈજિપ્ત સામે તેની અંતિમ ગ્રુપ સ્ટેજ મેચ રમશે. વર્લ્ડકપ શરૂ થવાના ત્રણ મહિના પહેલાં મેચનું સ્થળ બદલવું એ એક અભૂતપૂર્વ પગલું હશે.

2028ના ઓલિમ્પિક્સમાં ફૂટબોલ મેચો ચાર દિવસ પહેલા શરૂ થશે

લોસ એન્જલસ, તા. 17 (એપી) : લોસ એન્જલસમાં 2028 ઓલિમ્પિક ગેમ્સમાં પુરુષો અને મહિલાઓની ફૂટબોલ મેચો ઉદ્ઘાટન સમારોહના ચાર દિવસ પહેલા શરૂ થશે અને તે સાત યુએસ શહેરોમાં યોજાશે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (આઈઓસી) દ્વારા તૈયાર કરાયેલા સમયપત્રક મુજબ, શરૂઆતથી જ, ટીમોને અગાઉના ઓલિમ્પિકની તુલનામાં આરામ માટે બે વધારાના દિવસ મળશે. ઓલિમ્પિક્સ ફૂટબોલ મેચો 10 જુલાઈથી શરૂ થશે. ગ્રુપ સ્ટેજ અને ક્વાર્ટર-ફાઈનલ મેચો ન્યૂ યોર્ક, કોલંબસ, ઓહિયો, નેશવિલ, ટેનેસી અને સેન્ટ લુઈસમાં રમાશે. બાકીના નોકઆઉટ રાઉન્ડ મેચો કેલિફોર્નિયાના સેન જોસ, સાન ડિએગો અને પાસાડેનામાં યોજાશે. ગોલ્ડ મેડલ મેચ રોઝ બાઉલમાં રમાશે, જે તે જ સ્ટેડિયમ છે જ્યાં 1994ના પુરુષોના વર્લ્ડકપ ફાઈનલ, 1999ના મહિલા વર્લ્ડકપ ફાઈનલ અને 1984ના ઓલિમ્પિક ગેમ્સની ગોલ્ડ મેડલ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટનું વિગતવાર સમયપત્રક આ વર્ષના અંતમાં જાહેર કરવામાં આવશે.

અનુસંધાન ... પાના પહેલાનું

ઇઝરાયેલે લેબનોનમાં...

થતા હવાઈ હુમલાઓ અને પત્રકારો પરના સખત પ્રતિબંધોને લીધે ત્યાંથી બહુ ઓછી માહિતી બહાર આવી રહી છે. ઈઝરાયેલે લેબનોન પરના તેના હુમલાઓની વિગતો તરત જ જાહેર કરી નથી, પરંતુ લેબનોનની સેનાએ જણાવ્યું હતું કે કફાર સિર ગામમાં થયેલા હવાઈ હુમલામાં તેના બે સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઈરાની રેડ ક્રેસન્ટના જણાવ્યા અનુસાર, સંઘર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં ઈરાનમાં 1,300 થી વધુ લોકો માર્યા ગયા છે.

યુએઇની હવાઇ...

જ તોડી પાડવા માટે કાર્યવાહી કરી રહ્યું હતું. હવાઈ ક્ષેત્ર બંધ કરવાની આ તાત્કાલિક જાહેરાત અમીરાત સત્તાવાળાઓ સામેના પડકારને દર્શાવે છે, જેઓ એકતરફ ઈરાની હુમલાઓ વચ્ચે પોતાની મોટી એરલાઇન્સ, એમિરેટ્સ અને એતિહાદની ઉડાનો ચાલુ રાખવા માટે મથામણ કરી રહ્યા છે. બીજી તરફ, સાઉદી અરેબિયાના સંરક્ષણ મંત્રાલયે મંગળવારે સવારે દેશના તેલના ભંડારો ધરાવતા વિશાળ પૂર્વી પ્રાંત ઉપર એક ડઝન જેટલા ડ્રોન તોડી પાડ્યા હોવાનું જણાવ્યું હતું. કતારમાં પણ વહેલી સવારે રાજધાનીમાં વિસ્ફોટોના જોરદાર અવાજો સંભળાયા હતા. કતારના સંરક્ષણ મંત્રાલયે પાછળથી પુષ્ટિ કરી હતી કે તેઓએ શહેર પરના મિસાઈલ હુમલાને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યો છે, જો કે તોડી પાડવામાં આવેલી મિસાઈલના અવશેષો પડવાને કારણે એક ઔદ્યોગિક વિસ્તારમાં આગ ફાટી નીકળી હતી.

ઇરાનના બે ટોચના...

ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી ઈસરાઈલ કાત્ઝે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સુરક્ષા અધિકારી અલી લારીજાની અને જનરલ ગુલામ રેઝા - બંનેને ગઈકાલે રાત્રે ખતમ કરી દેવામાં આવ્યા હતા. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા શરૂ કરવામાં આવેલા યુદ્ધના પ્રથમ દિવસે, 28 ફેબ્રુઆરીએ થયેલા હવાઈ હુમલામાં ઈરાનના 86 વર્ષીય સર્વોચ્ચ નેતા અલી ખામેનીનું અવસાન થયું હતું અને ત્યારથી ઈરાની ધર્મશાહી સરકારના અન્ય ટોચના કેટલાક નેતાઓ પણ માર્યા ગયા છે. ઈરાની સરકારી મીડિયાએ આ બંને મોતના સમાચારને તાત્કાલિક સમર્થન આપ્યું નથી. જો કે, તેમણે જણાવ્યું હતું કે લારીજાનીની ઓફિસ તરફથી ટૂંક સમયમાં એક સંદેશ પ્રકાશિત કરવામાં આવશે. આ જાહેરાત ઈઝરાયેલની સૈન્ય દ્વારા ઈરાનની રાજધાનીમાં 'વ્યાપક સ્તરે હુમલાઓ' કર્યા હોવાનું અને લેબનોનમાં ઈરાન સમર્થિત આતંકવાદીઓ પર હુમલા તેજ કર્યા હોવાનું જણાવ્યા બાદ કરવામાં આવી હતી. ઈઝરાયેલે પરોઢિયે ઈરાન તરફથી તેલ અવીવ અને અન્ય સ્થળોએ બે મિસાઈલ હુમલા થયા હોવાના પણ અહેવાલ આપ્યા હતા.

ભારતના ગ્રેજ્યુએટ્સમાં...

રોજગારીની તકો ઉભી થઈ નથી. 15થી 25 વર્ષની વયના યુવાનોમાં બેરોજગારીનો દર લગભગ 40 ટકા જેટલો ઊંચો છે, જ્યારે 25થી 29 વર્ષની વયના જૂથમાં આ દર 20 ટકા છે. 2004-05થી 2023 વચ્ચે દર વર્ષે અંદાજે 50 લાખ ગ્રેજ્યુએટ્સ શ્રમ બજારમાં ઉમેરાયા હતા, જેની સામે માત્ર 28 લાખ લોકોને જ રોજગાર મળી શક્યો હતો. અહેવાલ મુજબ, 2017માં શિક્ષણ છોડનારા 38 ટકા યુવાનોની સરખામણીએ 2024ના અંત સુધીમાં આ આંકડો 34 ટકા રહ્યો છે. શિક્ષણ અધવચ્ચે છોડવા પાછળનું મુખ્ય કારણ ઘરની આવકમાં મદદ કરવાની જરૂરિયાત છે. 2017માં 58 ટકા યુવાનોએ આ કારણ આપ્યું હતું, જે 2023 સુધીમાં વધીને 72 ટકા થઈ ગયું છે. આર્થિક પાસાંની વાત કરીએ તો, ગ્રેજ્યુએટ્સનો પગાર બિન-સ્નાતકો કરતા બમણો હોય છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં પુરુષ ગ્રેજ્યુએટ્સના શરૂઆતના પગારમાં વૃદ્ધિ ધીમી પડી છે. જોકે, એક હકારાત્મક પાસું એ છે કે ગ્રેજ્યુએટ યુવતીઓ અને યુવકો વચ્ચેના વેતનનો તફાવત ઘટ્યો છે, જે શ્રમ બજારમાં મહિલાઓ માટે સુધરતી સ્થિતિ સૂચવે છે.

ઈરાની હુમલાઓથી...

હતી. ઈરાન દ્વારા અખાતી દેશો પર કરવામાં આવતા હુમલા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર તેના પ્રભુત્વને કારણે વૈશ્વિક ઊર્જા સંકટની ચિંતા વધી ગઈ છે. વિશ્વના તેલનો પાંચમો ભાગ આ માર્ગે પરિવહન થાય છે. મંગળવારે વહેલી સવારે ફુજૈરાહના કિનારે લાંગરેલા એક ટેન્કર પર હુમલો કરવામાં આવ્યો હતો.

હરિયાણા રાજ્યસભા...

ઠર્યા હતા. ભાજપના સંજય ભાટિયા 39 પ્રથમ પસંદગીના મતો સાથે સરળતાથી જીતી ગયા હતા. જોકે, બીજી બેઠક પર કોંગ્રેસના બૌદ્ધ અને અપક્ષ ઉમેદવાર સતીશ નાંદલ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. બૌદ્ધને 28 મતો મળ્યા હતા, જ્યારે ભાજપ સમર્થિત નાંદલને 16 મતો મળ્યા હતા. કોંગ્રેસના 5 ધારાસભ્યોએ 'ક્રોસ વોટિંગ' કર્યું હોવા છતાં, બૌદ્ધ માંડ-માંડ જીત મેળવવામાં સફળ રહ્યા હતા. જો કોંગ્રેસના વધુ એક સભ્યએ ક્રોસ વોટિંગ કર્યું હોત તો નાંદલ જીતી ગયા હોત. કોંગ્રેસે તેના ક્રોસ વોટિંગ કરનાર ધારાસભ્યોને કારણ બતાવો નોટિસ ફટકારવાની જાહેરાત કરી છે. મતગણતરી દરમિયાન ભારે વિવાદ સર્જાયો હતો. ભાજપે કોંગ્રેસના બે ધારાસભ્યો પર અને કોંગ્રેસે ભાજપના અનિલ વિજ પર નિયમોના ઉલ્લંઘનનો આરોપ મૂક્યો હતો. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ ચૂંટણી પંચને પત્ર લખીને દરમિયાનગીરીની માગ કરી હતી. હરિયાણાના મુખ્યમંત્રી સૈનીએ કોંગ્રેસ પર પોતાના ધારાસભ્યો પર અવિશ્વાસ કરવાનો આરોપ લગાવ્યો, જ્યારે પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ આ જીતને 'અગ્નિ પરીક્ષા' ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે 2016 અને 2022માં હરિયાણામાં સંખ્યાબળ હોવા છતાં કોંગ્રેસના ઉમેદવારો ક્રોસ વોટિંગને કારણે હારી ગયા હતા, પરંતુ આ વખતે પાર્ટી એક બેઠક બચાવવામાં સફળ રહી છે.

લોકસભામાં આઠ...

કોંગ્રેસ સાંસદો અને એક સીપીઆઈ (એમ) સભ્યનું સસ્પેન્શન દૂર કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જે ધ્વનિ મતથી પસાર થયો હતો. સસ્પેન્શન મુક્ત થયેલા સાંસદોમાં ગુરજીત સિંહ ઔજલા, હિબી ઈડન, સી. કિરણ કુમાર રેડ્ડી, અમરિંદર સિંહ રાજા વારિંગ, માણિકમ ટાગોર, પ્રશાંત પાડોલે, ડીન કુરીયાકોસ (કોંગ્રેસ) અને એસ. વેંકટેસન (સીપીઆઈ-એમ)નો સમાવેશ થાય છે. આ સભ્યોને 3 ફેબ્રુઆરીના રોજ બજેટ સત્રના અંત સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ચર્ચા દરમિયાન સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે હળવી બોલાચાલી પણ થઈ હતી. સુપ્રિયા સુલેએ ટકોર કરી હતી કે કોઈએ અંગત ટિપ્પણી ન કરવી જોઈએ અને બંને પક્ષોએ એકબીજાનું સન્માન જાળવવું જોઈએ. વિપક્ષે ખાતરી આપી હતી કે તેઓ ગૃહની ગરિમા જાળવવા અને કામગીરીમાં સહકાર આપવા માટે તૈયાર છે. સસ્પેન્શન રદ થયા બાદ કોંગ્રેસ સાંસદોએ ગાંધી પ્રતિમા પાસે શ્રદ્ધાંજલિ અર્પી હતી. કોંગ્રેસના માણિકમ ટાગોરે કહ્યું કે વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને અન્ય પક્ષોના નેતાઓને રાષ્ટ્રપતિના આભાર પ્રસ્તાવ પર બોલતા અટકાવવામાં આવ્યા હોવાથી તેમણે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જ્યારે પ્રિયંકા ગાંધી વાડ્રાએ પ્રતિક્રિયા આપી કે ગૃહની ગરિમા બંને પક્ષોએ જાળવવી જોઈએ.

અમેરિકામાં વાવાઝોડાના...

કે, મધ્ય-પશ્ચિમમાં ભારે હિમવર્ષા કરનાર વાવાઝોડું પૂર્વ કિનારા તરફ આગળ વધ્યું હતું, જ્યાં ન્યૂયોર્કના ભાગોમાં પવનની ગતિ ૫૦ માઇલ પ્રતિ કલાક (૮૦ કિમી) સુધી પહોંચી હતી. સોમવારે દેશવ્યાપી રદ થયેલી ફ્લાઇટ્સમાં શિકાગો ઓ'હેર ઇન્ટરનેશનલની લગભગ ૬૦૦, એટલાન્ટાના હાર્ટ્સફિલ્ડ-જેકસન ઇન્ટરનેશનલની ૪૭૦ થી વધુ અને ન્યૂયોર્ક સિટીના લાગાર્ડિયા એરપોર્ટની ૪૫૦ થી વધુ ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે. આ વાવાઝોડું એવા સમયે આવ્યું છે જ્યારે એરપોર્ટ સુરક્ષા તપાસકર્તાઓએ વીકએન્ડનો તેમનો પહેલો પૂરો પગાર ગુમાવ્યો છે. હાલનું આંશિક શટડાઉન માત્ર હોમલેન્ડ સિક્યુરિટી વિભાગને અસર કરે છે. કોંગ્રેસના ડેમોક્રેટ્સનું કહેવું છે કે, આ વર્ષની શરૂઆતમાં મિનીપોલિસમાં થયેલા જીવલેણ શૂટિંગ બાદ સંઘીય ઇમિગ્રેશન કામગીરી પર નવા નિયંત્રણો ન મુકાય ત્યાં સુધી વિભાગને ભંડોળ મળશે નહીં.

દિલ્હી ડાયરી...

કાર્યક્રમ' આયોજિત કર્યો હતો જેઓની 'ઇન્ડિયન એઆઈ સમિટ'માં 'શર્ટલેસ વિરોધ'ના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. તેઓ બાદમાં કોર્ટમાંથી જામીન મેળવવામાં સફળ રહ્યા હતા. ઇન્ડિયન યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબ્બ સહિતનાઓને જામીન આપતી વખતે કોર્ટે કહ્યું હતું કે જાહેર કાર્યક્રમ દરમિયાન તેમનો વિરોધ એ પ્રતીકાત્મક રાજકીય ટીકા સમાન છે અને ટ્રાયલ પહેલાની અટકાયત 'પૂર્વ-નિર્ધારિત સજા' સમાન હોઈ શકે છે. તેમનું સ્વાગત સંસદ ભવન નજીક આવેલી ઇન્ડિયન યુથ કોંગ્રેસની મુખ્ય કચેરી ખાતે કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના પક્ષના હાઇકમાન્ડે ધરપકડ કરાયેલા યુવા કાર્યકરોને ટેકો આપ્યો હતો, જેમાં ગાંધીએ ૨૦ ફેબ્રુઆરીએ તેમની ધરપકડ બાદ તેમને 'બબ્બર શેર' કહ્યા હતા. જોકે, વહેતી થયેલી ચર્ચાઓ મુજબ, યુથ કોંગ્રેસે પક્ષના નેતૃત્વની સંમતિ લીધા વિના શર્ટલેસ વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું અને તે તેમના માટે આશ્ચર્યજનક હતું. જો આ અહેવાલોનું માનીએ તો ટોચના નેતૃત્વએ નારાજગી વ્યક્ત કરી હતી અને ઇન્ડિયન યુથ કોંગ્રેસના વડાને બોલાવીને ઠપકો પણ આપ્યો હતો. પરંતુ એકવાર જ્યારે આ ઘટના બની ગઈ અને આઈવાયસી વડા અને અન્ય વિરોધ પ્રદર્શન કરનારા કાર્યકરોની ધરપકડ સાથે પરિસ્થિતિએ ગંભીર વળાંક લીધો ત્યારે હાઈકમાન્ડ પાસે કદાચ તેને સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો ન હતો.

આજનું પંચાંગ

તા. 18/03/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** ફાગણ
તિથિ: વદ: ચૌદસ : 08:27, પછી અમાવસ
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ફાગણ: 27
નક્ષત્ર : પૂ.ભા.: 29:22
યોગ : શુભ **કરણ:** ચતુષ્પદ
રાશિ: કુંભ (ગ,સ,શ,ષ) 23:36 પછી મીન (દ.ચ.ઝ.થ.) **દિવસ :** અ